# છોટાઉદેપુરમાં રેડ એલર્ટ, બોડેલીમાં ભારે વરસાદ : રોડ રસ્તા પર પાણી ભરાયા



બોડેલી,

છોટાઉદેપુર જીલ્લામાં હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ જાહેર કરાયું છે, જેના પગલે બોડેલી સહિત સમગ્ર જીલ્લામાં ભારે વરસાદી માહોલ છવાયો છે. બોડેલીમાં કાળા ડિબાંગ વાદળો સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો, જેના કારણે રોડ-રસ્તા પર પાણી ભરાઈ ગયા હતા.

ગઈ રાત્રે બોડેલીમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. આજે બપોર બાદ ફરીથી કાળા ડિબાંગ વાદળો છવાઈ ગયા હતા અને ધોધમાર વરસાદ શરૂ થયો હતો. વરસાદ સાથે વીજળીના કડાકા-ભડાકા થતાં વાતાવરણમાં અંધકાર છવાઈ ગયો હતો.

ભારે વરસાદને કારણે શહેરના મુખ્ય માર્ગો સહિત અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. દિવસ દરમિયાન પણ દૃશ્યતામાં ઘટાડો થતાં વાહનચાલકોને હેડલાઈટ ચાલુ રાખીને વાહન ચલાવવાની ફરજ પડી હતી, જેનાથી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને નદી-નાળા અને નીચાણવાળા વિસ્તારોમાં ન જવા તેમજ જરૂરી સાવચેતી રાખવા માટે અપીલ કરવામાં આવી છે.

## છોટા ઉદેપુરમાં ભારે વરસાદ, હેરણ નદીમાં ઘોડાપૂર



છોટાઉદેપુર,

છોટા ઉદેપુર જીલ્લામાં મુશળધાર વરસાદને કારણે હેરણ નદીમાં ઘોડાપૂર આવ્યું છે. આ ઘોડાપૂરના કારણે રાજવાસણા ખાતેનો રબર ડેમ પાણીમાં ગરકાવ થઈ ગયો છે.

જીલ્લામાં રાત્રિ દરમિયાન ભારે વરસાદ વરસ્યો હતો. ઉપરવાસમાં પણ અતિવૃષ્ટિ થતાં નદીઓમાં પાણીની ભારે આવક થઈ છે. જીલ્લાની બીજી સૌથી મોટી નદી ગણાતી હેરણ નદીમાં પણ ઘોડાપૂર આવ્યા છે. નદીમાં પાણીનો પ્રવાહ વધતા રાજવાસણા ખાતે નવો બનાવેલો રબર ડેમ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયો છે. હેરણ નદીમાં આવેલા ઘોડાપૂરને કારણે પંથકના ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## નસવાડી નજીક અશ્વિન નદીમાં ફસાયેલા યુવકનું NDRF દ્વારા રેસ્ક્યુ



છોટા ઉદેપુર,

છોટા ઉદેપુર જીલ્લાના નસવાડી નજીક અશ્વિન નદીમાં ફસાયેલા એક યુવકનું NDRFની ટીમે સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું છે. ભારે વરસાદને કારણે નદીમાં પાણીનો પ્રવાહ વધી ગયો હતો, જેમાં યુવક ફસાયો હતો.છોટા ઉદેપુર જીલ્લામાં પડેલા મુશળધાર વરસાદ અને ઉપરવાસમાં થયેલા વરસાદને કારણે નદી-નાળાઓમાં ઘોડાપૂર આવ્યું હતું. નસવાડીની અશ્વિન નદીમાં પણ પાણીનું સ્તર ભયજનક રીતે વધ્યું હતું.

આ દરમિયાન, નસવાડી દરગાહપાસે એક યુવક અશ્વિન નદીના તેજ પ્રવાહમાં ફસાઈ ગયો હતો. તે નદીની વચ્ચેના ભાગમાં લગભગ બે કલાક સુધી ફસાયેલો રહ્યો હતો.

યુવકના ફસાયાની જાણ થતા જ NDRFની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે બોટની મદદથી યુવક સુધી પહોંચી અને તેને સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરી હાથ ધરી. NDRFના જવાનોએ યુવકને બોટમાં બેસાડીને નદીમાંથી સલામત રીતે બહાર કાઢ્યો હતો. આ રેસ્ક્યુ ઓપરેશન સફળ રહ્યું હતું અને યુવકનો જીવ બચી ગયો હતો.

## કવાંટનો ધનપરી-વાંટડા કોઝવે ધોવાયો : મુશળધાર વરસાદથી સ્થાનિકોને અવરજવરમાં મુશ્કેલી



છોટા ઉદેપુર,

છોટાઉદેપુર જીલ્લામાં રાત્રિ દરમિયાન પડેલા મુશળધાર વરસાદને કારણે કવાંટના ધનપરી અને વાંટડા ગામોને જોડતો કોઝવે ધોવાઈ ગયો છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગત રાત્રિએ જીલ્લામાં ભારે વરસાદ નોંધાયો હતો. ઉપરવાસમાં પણ અતિવૃષ્ટિ થતાં નદીઓમાં ઘોડાપૂર આવ્યા હતા. નદીઓમાં પાણીનો પ્રવાહ વધવાને કારણે ઠેર ઠેર કોઝવે ધોવાઈ જવાની ઘટનાઓ સામે આવી છે, જેમાં કવાંટ તાલુકાનો આ કોઝવે પણ ભોગ બન્યો છે.

ધનપરીથી વાંટડા તરફ જતા માર્ગ પરનો કોઝવે ધોવાઈ જતાં આ પંથકના ગ્રામજનોને રોજિંદા કાર્યો માટે લાંબો ફેરો કરવો પડે છે. વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગને ખાસ કરીને અવરજવરમાં ભારે અગવડ પડી રહી છે.

## કરણપુરમાં અમુલ ડેરીનું 'સીડ બોલ' અભિયાન : પર્યાવરણ બચાવવાનો સંદેશ, વધુમાં વધુ વૃક્ષારોપણનું આહ્વાન

બાલાસિનોર,

પર્યાવરણનુંસંતુલન જળવાઈ રહે અને હરિયાળું ગુજરાત નિર્માણના સંકલ્પને વેગ મળે તે હેતુથી કરણપુર ખાતે અમુલ ડેરી, આણંદ દ્વારા સીડ બોલ વૃક્ષારોપણ અભિયાન નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ સીડ બોલનું વિતરણ કરી અને વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણ માટે સામૂહિક જવાબદારી નિભાવવાનો સંદેશ આપ્યો હતો.

આ અભિયાનમાં અમુલ ડેરીના ડિરેક્ટર રાજેશભાઈ (પપ્પુભાઈ) પાઠક, બાલાસિનોર નગરપાલિકાના સભ્યો, તાલુકા તથા શહેર ભાજપના પૂર્વ હોદ્દેદારો, ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ, અમુલ ડેરીના કર્મચારીઓ તેમજ વિવિધ આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વક્તાઓએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં વધતા પ્રદૂષણ અને ઘટતા હરિયાળા આવરણ વચ્ચે વૃક્ષારોપણ સમયની સૌથી મોટી જરૂરિયાત બની છે. સીડ બોલ અભિયાન દ્વારા કુદરતી રીતે વધુમાં વધુ વૃક્ષો ઉગી શકે તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જે પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વપૂર્ણ પહેલ છે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવોએ નાગરિકોને પોતાના જીવનમાં ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું જતન કરવાનો સંકલ્પ લેવા અપીલ કરી હતી. સમગ્ર કાર્યક્રમ પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને જનભાગીદારીના સંદેશ સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

## કવાંટમાં કાળજાળ સિસ્ટમની પોલ ખુલી : કોઝવે તૂટતાં પ્રસૂતા મહિલાને ૨ કિલોમીટર ચાલવું પડ્યું !

કવાંટ,

કવાંટ તાલુકામાં ભારે વરસાદને કારણે ખંડીબારા ગામને જોડતો કોઝવે તૂટી ગયો છે. આના કારણે ખંડીબારા અને ઝાલાવાટ ગામ સંપર્ક વિહોણા બન્યા છે. એક પ્રસુતા મહિલાને હોસ્પિટલથી ઘરે જવા માટે બે કિલોમીટર પગપાળા ચાલવું પડ્યું હતું.

મળતી માહિતી મુજબ, તડવી દુર્ગાબેન મેહુલભાઈને ૨૯ જુલાઈ, ૨૦૨૬ ના રોજ ડિલિવરી થઈ હતી. તેમને ખીલખીલાટ વાન દ્વારા તેમના ગામ ઝાલાવાટ લઈ જવામાં આવી રહ્યા હતા.

જોકે, રસ્તામાં ખંડીબારા ગામ નજીકનો કોઝવે પાણીના પ્રવાહમાં તણાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. આથી, દુર્ગાબેનને બે કિલોમીટર જેટલું અંતર પગપાળા કાપીને ઘરે પહોંચવું પડ્યું હતું.સ્થાનિકોના મતે, આ કોઝવે દર વર્ષે ચોમાસામાં તૂટી જાય છે. આ વારંવારની સમસ્યાને કારણે સ્થાનિક લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. તેઓ આ જગ્યાએ કાયમી પુલ (બ્રિજ) બનાવવાની માંગ કરી રહ્યા છે, જેથી ચોમાસામાં ગામો સંપર્ક વિહોણા ન બને અને લોકોને હાલાકી ન ભોગવવી પડે.જાંબુઘોડામાં શુક્રવારે રાત્રિના બે વાગ્યાથી સવારના છ વાગ્યા સુધીના ચાર કલાકમાં ૭૨ મીમી (આશરે ત્રણ ઇંચ) વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ વરસાદે થોડો વિરામ લીધો હતો. જોકે, બપોરના ચાર વાગ્યા બાદ વાતાવરણમાં અચાનક પલટો આવતા ધોધમાર વરસાદ શરૂ થયો હતો. માત્ર બે કલાકમાં જ નોંધપાત્ર વરસાદ વરસતાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતા.ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં જનજીવન પ્રભાવિત થયું હતું. રસ્તાઓ પર પાણી ભરાતા વાહનચાલકોને ધીમી ગતિએ વાહનો હંકારવા પડ્યા હતા. સતત વરસી રહેલા વરસાદથી નદી-નાળા અને જળાશયોમાં નવા નીરની આવક થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને પગલે સ્થાનિક તંત્ર એલર્ટ મોડ પર છે. તંત્ર દ્વારા નાગરિકોને સાવચેતી રાખવા અને જરૂરી કામ સિવાય બહાર ન નીકળવાની અપીલ કરવામાં આવી છે.

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ જાહેર નિવીદા નં. ૦૨ વર્ષ ૨૦૨૬-૨૭ કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરા.**

કાર્યપાલક ઇજનેરશ્રી, નાની સિંચાઇ વિભાગ, ગોધરા, સિવીલ લાઇન્સ રોડ, જિલ્લા પંચાયત ગોધરા,૩૮૯૦૦૧ ફોન નં. ૦૨૬૭૨ ૨૫૩૩૮૮ તરફથી ગુજરાત સરકારના નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ અને માર્ગ અને મકાન વિભાગના યોગ્ય લાયકાત ધરાવતા રજીસ્ટર્ડ ઇજારદારશ્રીઓ (નિવિદા દસ્તાવેજ પ્રમાણેના) પાસેથી કુલ-૦૨ કામો જેની અંદાજિત રકમ રૂ.૧૩.૮૭ લાખ છે. સદર કામો માટે ઓનલાઇન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. સદરહું કામોના ટેન્ડર ઓનલાઇન રજુ કરવાની છેલ્લી તા.૧૭/૦૮/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી છે. એજન્સીએ તમામ દસ્તાવેજો સ્કેન કરીને ઓનલાઇન સબમીટ કરવાના રહેશે. અને તે જ દસ્તાવેજો RPAD/સ્પીડ પોસ્ટ/કુરીયર દ્વારા પણ હાર્ડ કોપીમાં મોકલવાના રહેશે. સદર કામો માટેના ઓનલાઈન દસ્તાવેજો તા.૧૭/૦૮/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ કરી શકાશે. અને બીડ સબમીટ કરવાની છેલ્લી તા.૧૭/૦૮/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. અને કામો માટેની અન્ય વિગત આ વેબસાઇટ http://tender.nprocure.com પર ઉપલબ્ધ રહેશે.

નોંધઃ- તમામ દસ્તાવેજો સરકારશ્રીના ધારા ધોરણ મુજબ મોકલવાના રહેશે. અને દરેક કામ માટે અલગ અલગ કવરમાં દસ્તાવેજો મોકલવવાના રહેશે. અને કવર પર કામનું નામ અચુક લખવાનું રહેશે.

કોઇ પણ પ્રશ્ન માટે અમારા ઉપર જણાવેલ ઓફીસ સરનામા પર સંપર્ક કરો.

(માહિતી/ગોધરા/૩૫૯ /૨૬)

**:જાહેર નિવિદા:**

આથી નામદાર સરકારશ્રીની માન્ય યાદીમાં અને યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓને જણાવવામાં આવે છે કે લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં ભરવાડ ફળીયા (આંગણવાડી નં.૬)ને રીપેરીંગ કરવાના કામગીરી અંગે નીચેની વિગતે ટેન્ડર બહાર પાડેલ છે. તો રસ ધરાવતા અનુભવી ઈજારદારોએ આ અંગે રજીસ્ટ્રેશનની કોપી, તાજુ કરાવેલ સોલ્વશીની કોપી, પાનકાર્ડની ઝેરોક્ષ, અનુભવનું સર્ટીફીકેટ વિગેરે રજુ કરી જરૂરી ટેન્ડર ફી ભરી કોરૂ ટેન્ડર આગામી તા.૧૨/૦૮/૨૦૨૬ સુધીમાં મેળવી લેવું તથા ભરેલ ટેન્ડર અત્રેની કચેરીને ઈ.એમ.ડી. સહીત તા.૧૮/૦૮/૨૦૨૬ સુધીમાં કચેરીના સમય દરમ્યાન મળી જાય તેવી રીતે રજીસ્ટર પોસ્ટએડીથી રજુ કરવાનું રહેશે.

| અ. નં. | ટેન્ડરની વિગત | અંદાજીત રકમ, ઈ.એમ.ડી.ની રકમ, ટેન્ડર ફી | સિક્યોરીટી ડીપોઝીટ ૨.૫% બી ફોર એગ્રીમેન્ટ સિક્યોરીટી ડીપોઝીટ ફોર્મ બીલ ૨.૫% પરફોમન્સ બોન્ડ ૫% બી ફોર બીલ |
| --- | --- | --- | --- |
| (૧) | લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં ભરવાડ ફળીયા (આંગણવાડી નં.૫)ને રીપેરીંગ કરવાના. | ૧૯૯૪૪૩.૦૦<br>૨૦૦૦.૦૦<br>૬૦૦.૦૦ | ૪૯૯૦.૦૦<br>૪૯૯૦.૦૦<br>૯૯૮૦.૦૦ |

મુખ્ય અધિકારી
નગરપાલિકા લુણાવાડ

પ્રમુખ
નગરપાલિકા લુણાવાડ

(માહિતી/ગોધરા/૩૫૪ /૨૬)

**ઓફલાઈન ટુકી મુદતની જાહેર નિવિદા નં.૦૧/૨૦૨૬-૨૭**

હિસાબી અધિકારી, જિલ્લા પંચાયત પંચમહાલ-ગોધરા(મો.૯૭૨૫૬૧૭૨૫૧) દ્વારા જિલ્લા પંચાયત કચેરી, પંચમહાલ-ગોધરા માટે ગુજરાત સરકાર તરફથી મંજુર કરવામાં આવેલ TOYOTA INNOVA HYCROSS PETROL (GX) 7 SEATER & 8 SEATER નાભાવો ફકત TOYOTA ના રજીસ્ટર ડીલર/ડીસ્ટ્રીબ્યુટર પાસેથી મંગાવવામાં આવે છે. સદરહુ ભાવો તમામ પ્રકારના ટેક્ષ અને એસેસરીઝ સાથેના તા.૧૦/૦૮/૨૦૨૬ સુધિમાં નીચેના સરનામે રજીસ્ટર એ.ડી./સ્પીડ પોસ્ટથી પહોચતા કરી આપવાના રહેશે.

એડ્રેસ,
હિસાબી શાખા, જિલ્લા પંચાયત પંચમહાલ-ગોધરા, ઈન્કમ ટેક્ષ ઓફિસની સામે, સીવીલ લાઇન્સ રોડ, ગોધરા-૩૮૯૦૦૧.

હિસાબી અધિકારી
(માહિતી/ગોધરા/૩૫૭ /૨૬)જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરા

### આપની આજ.......

મેષઃ આજે તમે પરિવારના સભ્યો સાથે દિવસ પસાર કરી શકો છો. પરંતુ વ્યવસાય તરફ ધ્યાન આપવું એ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ. જેથી તમે પૈસા મેળવી શકો.

વૃષભઃ આજે આજે ધંધામાં નસીબ સાથ આપશે અને કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે તેમજ લાભ પણ મળશે. સામાજિક અને કાર્યક્ષેત્રમાં તમારું માન અને પ્રભાવ આજે વધવા જઈ રહ્યો છે. બુદ્ધિ અને હોશિયારીથી વિરોધીઓને પરાજિત કરી શકશો.

મિથુનઃ આજે તમારી શક્તિ વધશે. તેમજ ધંધા અથવા કાર્યક્ષેત્રમાં કોઈ વિશેષ વ્યવસ્થા કે પરિવર્તન કરવાનો આજનો દિવસ રહેશે. તમારો દ્રષ્ટિકોણ આ દિવસમાં બદલાઈ શકે છે.

કર્કઃ આજે તમે ધંધા કે કામ સંબંધિત પ્રવાસ કરી શકો છો. ઉપરાંત બધા કાર્ય તમારા દ્વારા પૂરા થશે. શુભ અથવા ધાર્મિક કાર્યો આજે પરિવારમાં થઈ શકે છે. કોઈ પણ ધાર્મિક સ્થળની મુલાકાત પણ લઈ શકો છો.

સિંહઃ આજે તમને રાજ્ય તરફથી સન્માન અને સાંસારિક પ્રતિષ્ઠાથી મળશે. વેપારના ક્ષેત્રમાં નવા ભાગીદારો મળશે અને લાભ પ્રાપ્ત કરશો. તમે કાર્યક્ષેત્રમાં બુદ્ધિ અને અનુભવનો લાભ લઈ શકશો.દલીલ અને ગુસ્સો ટાળો.

કન્યાઃ આજે તમને કાર્યક્ષેત્ર અને ધંધામાં ભાગ્યનો સાથ મળી શકે છે. આજે વ્યાવસાયિક સ્થળાંતર તમારા માટે શુભ સાબિત થશે. આજે તમે વેપારમાં સેવકો અને ભાગીદારો સાથે સારો તાલમેલ જાળવશો અને ધંધામાં લાભ મળશે.

તુલાઃ આજનો દિવસ તમારા ધંધા અને કાર્યમાં ભાગદોડ તેમજ વિશેષ ચિંતમાં વિતાવશો. તમે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યની ચિંતા કરી શકો છો, તમારે તેમની સંભાળ લેવી પડશે.

વૃશ્ચિકઃ આજે વેપાર અને કાર્યક્ષેત્રના સંબંધમાં તમે જે પણ નવા પ્રયત્નો કરો છો તેમાં તમને વિજય મળશે. આજે ઓફિસના કામમાં સુધારો કરવાની જરૂર છે, જે તમને સારા પરિણામ આપશે.

ધનઃ આ દિવસે તમે ઘરની કોઈ ચીજવસ્તુ ખરીદી શકો છો, જેમાં કેટલાક પૈસા પણ ખર્ચ થઈ શકે છે. સંતાન તરફથી કેટલાક સારા સમાચાર મળી શકે છે. જેના કારણે પરિવારમાં આનંદનો માહોલ રહેશે.

મકરઃ આજે તમને વ્યવસાય અને ક્ષેત્રમાં લાભથી સંતોષ મળશે. તેમજ આજે આનંદનો દિવસ રહેશે. આજે તમારા વ્યક્તિત્વમાં એક અલગ આકર્ષણ રહેશે અને લોકો તમારાથી પ્રભાવિત થશે.

કુંભઃ આજે તમારા મિત્રો અથવા સગા-સંબંધીઓ ઘણાં દિવસો સુધી રોકાવા તમારા ઘરે આવી શકે છે. તેમનું સન્માન કરવું તમારા માટે ફાયદાકારક રહેશે. કારણકે આ લોકો પાછળથી તમારી મદદે આવશે.

મીનઃ ધંધા અને કાર્યક્ષેત્રમાં અચાનક પૈસા મળવાના સંકેત છે. જે તમને આર્થિક શક્તિ આપશે. આજે તમારી જાતે વ્યવસાયિક સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરો. જે તમને કાયમી સફળતા આપશે.

**જાહેર નોટીસ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૧૯૬/૨૦૨૬, તા.૨૯/૦૬/૨૦૨૬
અરજદાર શ્રી મોહનિયા જયંદાભાઈ સનુભાઈ રહે - ઉડાર તા- ધાનપુર જી -દાહોદ
વિરુદ્ધ
સામાવાળા - તલાટી કમ મંત્રી શ્રી ઉડાર તા. ધાનપુર જી. દાહોદ.
જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જ્મની નોંધણી ડરવા બાબત...આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં અરજદાર મોહનિયા જયંદાભાઈ સનુભાઈ એ તેમના પુત્ર પુત્રી નામે (૧) મોહનિયા પ્રિયંકાબેન જયંદાભાઈ નો જન્મ તા.૧૩/૦૨/૨૦૧૮ નો જન્મ રોજ મુ ઉડાર તા-ધાનપુર જી દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે અરજદાર શ્રીના પુત્ર પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી ક્રમ મંત્રી શ્રી ઉડાર તા ધાનપુર જી દાહોદ ના જન્મ મરણ રજીસ્ટર માં નોંધ કરાવેલ નથી તેથી સદરહું અરજદાર ને તેમના પુત્ર પુત્રી ના જન્મ ના દાખલા ની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબર ની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
આજ તારીખ-૨૯ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૨૦૪/૨૦૨૬, તા.૨૯/૦૬/૨૦૨૬
અરજદાર શ્રી મોહનિયા સુમાબેન રતનાભાઈ, રહે - ઉડાર તા- ધાનપુર જી -દાહોદ
વિરુદ્ધ
સામાવાળા - તલાટી ક્રમ મંત્રી શ્રી ઉડાર તા. ધાનપુર જી. દાહોદ.
જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જ્મની નોંધણી ડરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં અરજદાર મોહનિયા સુમાબેન રતનાભાઈ એ તેમના પુત્રો નામે (૧) મોહનિયા માંદાભાઈ રતનાભાઈ નો જન્મ તા.૦૬/૦૭/૨૦૦૫(૨) મોહનીયા સુરજ ભાઈ નો જન્મ તા ૧૩/૦૨/૨૦૦૮ રોજ(૩) મોહનીયા પોપટભાઈ રતનાભાઈ નો જન્મ તા ૧૦/૦૫/૨૦૦૪ રોજ મુ ઉડાર તા-ધાનપુર જી દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે જે અરજી અને સોગંદનામાં થી જાહેર કરેલ છે અરજદાર શ્રીના પુત્રો એ જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી ક્રમ મંત્રી શ્રી ઉડાર તા ધાનપુર જી દાહોદ ના જન્મ મરણ રજીસ્ટર માં નોંધ કરાવેલ નથી તેથી સદરહું અરજદાર ને તેમના પુત્રોના જન્મ ના દાખલા ની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબર ની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
આજ તારીખ-૨૯ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડાની કોર્ટમાં**
કેસ.નં.૧૪૩/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬
અરજદારઃ પ્રજાપતિ જશવંતભાઈ દેવાભાઈ, રહે મોટી બાંડીબાર, તા.લીમખેડા, જિ.દાહોદ
વિરુધ્ધ
સમાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, મોટી બાંડીબાર, તા.લીમખેડા, જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી પ્રજાપતિ જશવંતભાઈ દેવાભાઈ, રહે મોટી બાંડીબાર, તા.લીમખેડા, જિ.દાહોદએ તેમના પોતાનો જન્મ તા.૦૧/૦૭/૧૯૬૪ના રોજ મોટી બાંડીબાર, તા લીમખેડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીનો જન્મ થયેલ ત્યારે જન્મની નોંધ તલાટી કમ મંત્રીશ્રી, મોટી બાંડીબાર, તા. લીમખેડા, જિ.દાહોદના જન્મ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને પોતાના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ-મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૩૦ (ત્રીસ) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખઃ ૩૦ માંહે : જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
-સહી-
કોર્ટનો સિક્કો
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડા

**જાહેર નોટીસ મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા**
અરજદારઃ-પટેલ રાધાબેન રમણભાઈ,રહે.ઝોઝ, તા.શહેરા,જી.પંચમહાલ.
વિરુધ્ધ
સામાવાળાઃ- જન્મ-મરણ સબરજીસ્ટારશ્રી,નગરપાલીકા શહેરા,તા. શહેરા, જિ.પંચમહાલ.
આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્ર નામે પટેલ અજીતકુમાર રમણભાઈનું તા.૨૪/૦૬/૨૦૧૮ તથા પુત્રી નામે પટેલ ઉષાબેન રમણભાઈનું તા.૨૦/૦૫/૨૦૨૧ ના રોજ મોજે.ઝોઝ, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પુત્ર/પુત્રીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૫૭૩/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો. આજ તા. ૩૦, માહેઃ- જુલાઈ સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

**જાહેર નોટીસ મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા**
અરજદારઃ- ચૌહાણ કાળુભાઈ ગમીરભાઈ,રહે.બિલીથા, તા.શહેરા,જી.પંચમહાલ.
વિરુધ્ધ
સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી, બિલીથા,તા.શહેરા, જિ.પંચમહાલ.
આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પૌત્રી નામે ચૌહાણ કૈલાશબેન બળવંતસિંહનું તા.૦૮/૦૮/૨૦૦૨ ના રોજ મોજે.બિલીથા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પૌત્રીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૬૯૫/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૩૦, માહેઃ- જુલાઈ, સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૩૧૦/૨૦૨૬ તા.૩૧/૦૭/૨૦૨૬
અરજદાર ભુરીયા મુકેભાઈ બાલુભાઈરહે. દશલા, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, દશલા, તા.જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અત્રેની કોર્ટના અરજદારશ્રી સુરીયા મુકેભાઈ ખાલુભાઈના પુત્રના નામે ભુરીયા કૃણાલભાઈ મુકેભાઈનો જન્મ તા.૧૦/૦૫/૨૦૧૩ ના રોજ દશલા, તાજિદાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રન જન્મ થયેલ ત્યારે અરજદાર દવારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, દશલા, તા.જિ.દાહોદ ના જામ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,દશલા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૩૧ માંહે :જુલાઈ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
-સહી-
કોર્ટનો સિક્કો
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ દાહોદ વન વિભાગના કર્મચારીઓ માટે ફાળવેલ બાઈકને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

**રાજ્ય સરકાર વન સંપદાના સંરક્ષણ અને આધુનિક સુવિધાઓના વિકાસ માટે સતત પ્રતિબદ્ધ-પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા.**



દાહોદ,

રાજ્ય સરકાર દ્વારા વન સંરક્ષણ અને વન્યજીવસુરક્ષાની કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે દાહોદ જીલ્લાના વન વિભાગના કર્મચારીઓને ફાળવવામાં આવેલ બાઈકનું આજે દાહોદ જીલ્લા પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રભારી મંત્રીએ જણાવ્યું હતું કે, વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને ઝડપી ગતિએ કામગીરી કરી શકાય તેમજ જંગલ વિસ્તારની નિયમિત પેટ્રોલિંગ, વન્યજીવોના સંરક્ષણ, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર નિયંત્રણ અને આપત્તિ સમયે ત્વરિત પ્રતિસાદ આપવા માટે વાહન સુવિધા મહત્વપૂર્ણ સાબિત થશે. રાજ્ય સરકાર વન સંપદાના સંરક્ષણ અને આધુનિક સુવિધાઓ ના વિકાસ માટે સતત પ્રતિબદ્ધ છે. કાર્યક્રમ દરમિયાન વન વિભાગ ના અધિકારીઓએ નવી બાઈક મળવાથી મેદાની કામગીરીમાં વધુ ઝડપ, કાર્યક્ષમતા અને સુગમતા આવશે તેવી લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે જીલ્લા કલેક્ટર સુરભિ ગૌતમ, જીલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ, જીલ્લા પંચાયત પ્રમુખ ગમાબેન મોહનીયા, ધારાસભ્યો કનૈયાલાલ કિશોરી (દાહોદ), મહેન્દ્રભાઈ ભાભોર (ગરબાડા), મહેશભાઈ ભુરીયા તેમજ દેવગઢ બારિયા નાયબ વન સંરક્ષક મિતેશ પટેલ સહિત વન વિભાગના અધિકારીઓ, જનપ્રતિનિધિઓ તેમજ વન વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભથવાડા ટોલનાકા પર પાસ વિના વાહનો પસાર થવાના આક્ષેપ, પારદર્શિતા સામે ઉઠ્યા સવાલ



દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા તાલુકાના ભથવાડા ટોલનાકા પર કેટલાક વાહનો નિયમિત પાસ અથવા પરમિટ વિના પસાર થતા હોવાના આક્ષેપો સામે આવ્યા છે. આજુબાજુના ગામોના સ્થાનિક લોકોનો દાવો છે કે અનેક વાહનો પાસ વિના જ ટોલનાકા માંથી પસાર થઈ રહ્યા છે, જેના કારણે ટોલ વ્યવસ્થાની પારદર્શિતા અંગે સવાલો ઉભા થયા છે.

આ મુદ્દે ટોલનાકાના મેનેજર સાથે ટેલિફોનિક વાતચીત કરવામાં આવી હતી. મેનેજરે જણાવ્યું હતું કે ટોલનાકાથી ૦ થી ૨૦ કિલોમીટર સુધીના વિસ્તારના પાત્ર વાહન ચાલકોને નિયમ મુજબ પાસ આપવામાં આવે છે. જોકે, સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ કેટલીક એવી ગાડીઓ પણ ટોલ માંથી પસાર થાય છે, જેમની પાસે કોઈ પાસ કે પરમિટ નથી. જો સ્થાનિકોના આક્ષેપો સાચા હોય તો સવાલ એ ઉભો થાય છે કે, આવા વાહનોને કયા આધારે ટોલમાંથી પસાર થવા દેવામાં આવે છે અને તેની જવાબદારી કોણની છે. સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને હકીકતો જાહેર કરવામાં આવે તેવી માંગ સ્થાનિકોમાંથી ઉઠી રહી છે.

હાલ આ માહિતી આજુબાજુના ગામોના સ્થાનિક લોકોના જણાવ્યા આધારે આરોપો સામે આવ્યા છે. આ આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી. હવે આગામી અહેવાલમાં પાસ વિના પસાર થતા વાહનોની સંખ્યા તેમજ સમગ્ર મામલે ટોલ સત્તાધીશો અથવા સંબંધિત વિભાગ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે, તેના પર સૌની નજર રહેશે.

# દાહોદ જીલ્લામાં અતિભારે વરસાદની આગાહી : જીલ્લા વિકાસ અધિકારી દ્વારા નાગરિકોને સાવચેતી રાખવા અપીલ



દાહોદ,

:હવામાન વિભાગની અતિભારે વરસાદની આગાહીને પગલે દાહોદ જીલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ દ્વારા જીલ્લાના તમામ ગ્રામજનોને જરૂરી સાવચેતી અને સલામતી રાખવા માટે ખાસ અપીલ કરવામાં આવી છે.જીલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ એ અપીલ કરતાં કહ્યું હતું કે, હવામાન વિભાગની માહિતી અનુસાર, આગામી ૩૧ જુલાઈ અને ૧ ઓગસ્ટ દરમિયાન દાહોદ જીલ્લામાં તીવ્ર પવન સાથે અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા મહત્વપૂર્ણ સૂચનાઓ અને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે જેમાં, - નીચાણવાળા વિસ્તારોમાં રહેતા નાગરિકોને જો પાણી ભરાવાની શક્યતા જણાય તો સ્થાનિક સરપંચ અથવા તલાટીનો સંપર્ક કરી તુરંત જ સલામત સ્થળે ખસી જવા અપીલ કરવામાં આવે છે.

-જળમગ્ન રસ્તા/પુલ પાર ન કરવાઃ Causeways (કોઝવે) કે પુલ પરથી પાણી વહી રહ્યું હોય ત્યારે તેમાંથી પસાર થવું નહિ અને સંપૂર્ણ સાવચેતી રાખવી અનાવશ્યક મુસાફરી ટાળવી. ખૂબ જ જરૂરી હોય તો જ મુસાફરી કરવી, વગર કારણે ઘરની બહાર નીકળવાનું ટાળવું.

શાળાઓમાં રજા : વિદ્યાર્થીઓની સુરક્ષા અર્થે શાળાઓમાં બે દિવસ માટે રજા જાહેર કરવામાં આવી છે, જેથી વાલીઓએ બાળકોને સુરક્ષિત ઘરે રાખવા. પશુઓની સુરક્ષાઃ પશુઓને નદી-નાળા કે નીચાણવાળા વિસ્તારો અને ખેતરો નજીક બાંધવા નહીં. તેમને ઊંચાણવાળા અને પાકા શેડ કે છાપરા હેઠળ બાંધવા.

અફવાઓથી બચવું : બિનજરૂરી અફવાઓ પર ધ્યાન ન આપવું. સાચી અને અધિકૃત માહિતી મેળવવા માટે જીલ્લાના સત્તાવાર સોશિયલ મીડિયા પેજને નિયમિતપણે ફોલો કરવા આપત્કાલીન પરિસ્થિતિમાં સંપર્ક : કોઈપણ પ્રકારની ઈમરજન્સી, પાણી ભરાવાની સ્થિતિ અથવા રાહત-બચાવ કામગીરી માટે ગ્રામ્ય કક્ષાએ તલાટી અથવા સરપંચનો સંપર્ક કરવો. આ ઉપરાંત, જીલ્લા કંટ્રોલ રુમ અથવા તાત્કાલિક સહાય માટે ટોલ-ફ્રી નંબર ૧૦૭૭ પર સંપર્ક કરી શકાશે.

# ઝાલોદ પોલીસ સ્ટેશન માંથી ૧૩ પોલીસ કર્મચારીઓને વિદાય અપાઈ



ઝાલોદ,

દાહોદ જીલ્લા પોલીસ અધિક્ષકના જાહેર હિતમાં કરવામાં આવેલા વહીવટી આદેશ અનુસાર ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કુલ ૧૩ પોલીસ કર્મચારીઓની જીલ્લાનાં વિવિધ પોલીસ સ્ટેશનોમાં બદલી કરવામાં આવી છે. જેના અનુસંધાને શુક્રવારે ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે બદલી પામેલા તમામ કર્મચારીઓને સત્તાવાર રીતે વિદાય આપી નવી નિમણૂકના સ્થળે છૂટા કરવામાં આવ્યા હતા.

બદલી પામેલા કર્મચારીઓમાં ચાકલિયા પોલીસ સ્ટેશન ખાતે ૪, સંજેલી પોલીસ સ્ટેશન ખાતે ૩, લીમડી પોલીસ સ્ટેશન ખાતે ૪ અને સુખસર પોલીસ સ્ટેશન ખાતે ૨ પોલીસ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. વિદાય પ્રસંગે ઝાલોદ પોલીસ સ્ટેશનના પી.આઈ. રવિ ગામીત તથા પી.એસ.આઈ. રાધાબેન ડામોર ઉપસ્થિત રહ્યા હતા. બંને અધિકારીઓએ બદલી પામેલા કર્મચારીઓ દ્વારા ઝાલોદ પોલીસ સ્ટેશનમાં બજાવેલી નિષ્ઠાપૂર્વકની, પ્રામાણિક અને જવાબદારીપૂર્ણ કામગીરીની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, તમામ કર્મચારીઓએ પોતાની ફરજ દરમિયાન પોલીસ વિભાગની પ્રતિષ્ઠા જાળવી ઉત્તમ કામગીરી કરી છે.

બંને અધિકારીઓએ કર્મચારીઓને નવી નિમણૂકના સ્થળે પણ એ જ સમર્પણભાવ, શિસ્ત અને ફરજનિષ્ઠા સાથે કામગીરી કરી જનસેવાની ભાવનાને વધુ મજબૂત બનાવવાની શુભેચ્છાઓ પાઠવી હતી.

## ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ-વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર

# દાહોદ તથા અલ્ટ્રાટેક સીમેન્ટ દ્વારા બાંધકામ ક્ષેત્રમાં નવી બાંધકામ ની પધ્ધતિ બાબતે સેમીનાર યોજાયો



દાહોદ,

વંનબંધુ કલ્યાણ યોજના અંર્તગત સંચાલિત પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરસીપ થકી ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ-વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર, દાહોદ દ્વારા બાંધકામને લગતા વિવિધ પ્રકારની તાલીમ કાર્યક્રમો ચાલુ છે જે અંતર્ગત બાંધકામ ક્ષેત્રમાં સારા બાંધકામની પદ્યતિ બાબતે સેમીનારનું આયોજન જીવીટી-વીટીસી, ચાકલીયા રોડ, દાહોદ ખાતે તારીખ ૧૫/૦૭/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ. સેમીનારમાં અલ્ટ્રાટેક ઈન્જીનીયર, તથા વી.ટી.સીના ટ્રેનરો, દ્વારા મેસન ટ્રેડના તાલીમાર્થીઓને વિસ્તૃત માહીતી આપવામાં આવી.આ સૈમીનારમાં બાંધકામ ક્ષેત્રમાં ઉપયોગી નવીન ઉપકરણો સામગ્રીની ઉપયોગીતા તથા બાંધકામ ક્ષેત્રમાં ઝડપી કામ સાથે કવોલીટી મળે તે માટે અલ્ટ્રાટ્રેક ના વિવિધ મટીરીયલ જેવાકે ટાઈલ્સ કેમીકલ, બાંધકામ તથા રીપેરીંગ કેમીકલ (સેલ્ફ કવોરીંગ પ્રોડકટ) પ્લાસ્ટરનું તૈયાર મટીરીયલ (રેડી પ્લાસ્ટ) તે વિશેવિસ્તારથી ચર્ચા કરવામા આવી સેમીનારમાં જીવીટી-વીટીસીના હેડ મુકેશ ખતેડીયા, સુબોધભાઈ વાઘેલા, ભાનુમતી ભગોરા તથા અલ્ટ્રાટેક કંપનીના ટેકનીકલ મેનેજર હર્ષ કાબરાવાલા તેમજ સપોટિંગ ટીમ દ્વારા ઉપયોગી સાધન સામગી વિશે જાણકારી આપી.ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ-વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર, દાહોદ ખાતે કડીયા, પ્લમ્બર, શટરીંગ કારપેન્ટર અને સ્કેફોલ્ડર, બાર બાઈન્ડર, સુપર વાઈઝર વગેરે ટ્રેડ પર આદીજાતી યુવકો માટે વિના મૂલ્યે તાલીમ અને એન.સી.વી.ટી. શર્ટીફીકેશન અપાવવામાં આવે છે. તથા હાલમાં નવીન તાલીમ માટેનું પ્રવેશ ચાલુછે.

# પંચમહાલ જીલ્લા વહીવટી તંત્ર અને NDRF ના સંયુક્ત ઉપક્રમે નદીસર ખાતે આપત્તિ વ્યવસ્થાપન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**ભારે વરસાદની આગાહી વચ્ચે નદીસર ગામના નાગરિકોને આપત્તિ સામે સજ્જકરવા 'કોમ્યુનિટી અવેરનેસ પ્રોગ્રામ'નું આયોજન.**



પંચમહાલ,

પંચમહાલ જીલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે નાગરિકોની સુરક્ષા અને આપત્તિ સામે પૂર્વતૈયારીના ભાગરૂપે જીલ્લા વહીવટી તંત્ર તથા NDRF (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ)ની ટીમ દ્વારા સંયુક્ત રીતે ગોધરા તાલુકાના નદીસર ખાતે ખાસ કોમ્યુનિટી અવેરનેસ પ્રોગ્રામ (સમુદાય જાગૃતિ કાર્યક્રમ) યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પૂર કે અન્ય કોઈ કુદરતી આપત્તિ સમયે સ્થાનિક નાગરિકો પોતે જ સક્ષમ બની સ્વ-બચાવ અને અન્ય લોકોની મદદ કરી શકે તે માટે સજ્જકરવાનો હતો.

આ તાલીમમાં ઈમરજન્સી પરિસ્થિતિમાં NDRF ની ટીમ દ્વારા પ્રાથમિક સારવાર કેવી રીતે આપવી તેનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું. ઘરમાં સરળતાથી મળી આવતી વસ્તુઓ જેવી કે નકામી પ્લાસ્ટિક બોટલોનો ઉપયોગ કરીને લાઈફ જેકેટ કે ફ્લોટિંગ ડીવાઈસ કેવી રીતે બનાવી શકાય તેની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. પૂર કે ભારે વરસાદ દરમિયાન કઈ સાવચેતી રાખવી, અફવાઓથી દૂર રહેવું અને આરોગ્ય વિષયક સ્વચ્છતા જાળવવા અંગે ગ્રામજનોને વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

આ જાગૃતિ કાર્યક્રમમાં નદીસર ગામના મોટી સંખ્યામાં નાગરિકો, ગ્રામજનો અને આગેવાનો ઉત્સાહભેર જોડાયા હતા. વહીવટી તંત્ર અને NDRF ની આ પહેલને સ્થાનિક લોકોએ ખૂબ બિરદાવી હતી.

# ગરબાડાના નઢેલાવમાં જમીન વિવાદમાં સશસ્ત્ર હુમલો : ૧૦ થી ૧૨ લોકોના ટોળાએ કર્યો હુમલો, એક ઈજાગ્રસ્ત

ગરબાડા,

ગરબાડા તાલુકાના નઢેલાવ ગામમાં ૩૫ વર્ષ જૂની જમીનની અદાવતમાં એક સશસ્ત્ર હુમલાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. ખેતરમાં વાવેતર કરવા જેવી સામાન્ય બાબત ને લઈને ૧૦ થી ૧૨ લોકોના ટોળાએ તીક્ષ્ણ હથિયારો વડે એક વ્યક્તિ પર હિંસક હુમલો કર્યો હોવાનું બહાર આવ્યું છે.

મળતી માહિતી મુજબ, ગરબાડાના નઢેલાવ ગામમાં આશરે ૩૫ વર્ષ પહેલાં સામસામે આપેલી જમીનને લઈને લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદિત જમીન પર ખેતરમાં વાવેતર ન કરવા દેવાની બાબતને લઈને બંને પક્ષો વચ્ચે તકરાર ઉગ્ર બની હતી. વિવાદ એટલો વણસ્યો કે ઉશ્કેરાયેલા ૧૦થી ૧૨ લોકોના ટોળાએ ભેગા મળીને તીક્ષ્ણ અને જીવલેણ હથિયારો સાથે હુમલો કરી દીધો હતો. આ હિંસક ઘટના અંગે તાકીદે ૧૧૨ ઈમરજન્સી ટીમને જાણ કરવામાં આવતા જ પોલીસનો કાફલો તાબડતોબ ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થિતિ પર કાબૂ મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ હુમલામાં એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક સારવાર અર્થે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી હુમલાખોરોની અટકાયત કરવાની તજવીજ શરૂ કરી છે

---

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ.નં.૬૭૫/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬
અરજદારઃપસાયા નીરુબેન કમલેશભાઈ રહે.ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી ક્મ મંત્રીશ્રી, ઝરીબુઝર્ગ, તા. ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી પસાયા નીરુબેન કમલેશભાઈના પુત્ર/પુત્રી નામે (૧) પસાયા શકુડીબેન કમલેશભાઈનો જન્મ તા.૦૧/૦૨/૨૦૧૧ના રોજ ગામ.ઝરીબુઝર્ગ,તા.ગરબાડા,જિં.દાહોદ મુકામે (૨) પસાયા સુર્યાભાઈ કમલેશભાઈનો જન્મ તા.૧૪/૦૪/૨૦૧૨ના રોજ ગામ.ઝરીબુઝર્ગ,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે.અરજદારના પુત્ર/પુત્રીનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી ક્મ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ,તા.ગરબાડા,જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્ર/પુત્રીના જન્મના દાખલાની જરુરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પાંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૩૦/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

---

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ.નં.૭૪૦/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬
અરજદારઃડામોર હિમસીંગભાઈ નરસીંગભાઈ રહે. વજેલાવ, તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, વજેલાવ, તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી ડામોર હિમસીંગભાઈ નરસીંગભાઈના પુત્રી નામે ડામોર અંકિતાબેન હિમસીંગભાઈનો જન્મ તા.૦૧/૦૪/૨૦૧૩ના રોજ ગામ.વજેલાવ,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, વજેલાવ,તા.ગરબાડા,જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીના જન્મના દાખલાની જરુરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પાંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૩૦/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

---

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ.નં.૬૯૧/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬
અરજદારઃગુંડીયા બદલીબેન રાજુભાઈ રહે.પાંચવાડા, તા. ગરબાડા, જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી,પાંચવાડા, તા. ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી ગુંડીયા બદલીબેન રાજુભાઈના પુત્રી નામે ગુંડીયા અલપાબેન રાજુભાઈનો જન્મ તા.૨૫/૦૬/૧૯૯૮ના રોજ ગામ.પાંચવાડા, તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે.અરજદારના પુત્રીનો જન્મ થયેલ ત્યારે અરજદાર દવારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,પાંચવાડા,તા.ગરબાડા,જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીના જન્મના દાખલાની જરુરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પાંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૩૦/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

---

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ.નં. ૬૮૮/૨૦૦૬ તા.૨૩/૦૭/૨૦૨૬
અરજદારઃડામોર ભુરીયાભાઈ લુંજાભાઈ રહે.ભીલોઈ તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,ભીલોઈ(ગરબાડા),તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી ડામોર ભુરીયાભાઈ લુંજાભાઈ પુત્ર નામે ડામોર મેહુલભાઈ ભુરીયાભાઈનો જન્મ તા. ૨૮/૦૬/૨૦૦૯ ના રોજ ગામ.ભીલોઈ,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે.અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દવારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ભીલોઈ(ગરબાડા),તા.ગરબાડા,જિ.દાહોદના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમની પુત્રના જન્મના દાખલાની જરુરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૭(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છેં..જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પાંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૨૩/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા


Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.291

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

# પંચમહાલ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ વચ્ચે જાંબુઘોડા અને કાલોલમાં ધોધમાર

**શહેરા-૧ ઈંચ | મોરવા(હ) - ૧.૫ ઈંચ | ગોધરા- ૨ ઈંચ | કાલોલ- ૫.૫ ઈંચ | ઘોઘંબા-૩ ઈંચ | હાલોલ-૩ ઈંચ | જાંબુઘોડા-૬.૫ ઈંચ**







પંચમહાલ

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં આજે ધોધમાર વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા ઓરેન્જ એલર્ટ વચ્ચે વરસાદના કારણે મુખ્ય માર્ગો પર પાણી ભરાયા હતા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી છેલ્લા ૨૪ કલાક જાંબુઘોડા અને કાલોલ માં ધોધમાર વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગે પંચમહાલ જિલ્લા માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું હતું. આ આગાહી મુજબ, ગોધરા શહેરમાં વરસાદ શરૂ થતાં લાંબા સમયથી પ્રવર્તી રહેલી ગરમી અને ઉકળાટમાંથી લોકોને રાહત મળી છે.

વરસાદના કારણે શહેરના મુખ્ય માર્ગો પર પાણી ભરાયા હતા. ઠંડા પવનો ફૂંકાતા વાતાવરણમાં સુખદ અનુભવ થયો હતો. આ વરસાદથી ખેડૂતોમાં પણ આનંદની લાગણી જોવા મળી રહી છે, કારણ કે તેમને પાક માટે પાણીની જરૂર હતી.

હવામાન વિભાગે આગામી કલાકોમાં પણ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. આના પગલે, જિલ્લા તંત્ર દ્વારા નાગરિકોને નીચાણવાળા વિસ્તારોમાં બિનજરૂરી અવરજવર ટાળવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા પંથકમાં આજે માત્ર બે કલાકમાં છ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને કારણે સમગ્ર વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી અને અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. વહીવટી તંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

જાંબુઘોડા સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં જનજીવન પ્રભાવિત થયું હતું. જાંબુઘોડાના ઝબાણ ગામ નજીક એક કોતરમાં પાણીના પ્રવાહમાં એક યુવક તણાઈ ગયો હતો. સ્થાનિક લોકોએ તાત્કાલિક પહોંચી માનવ સાંકળ બનાવી યુવકને સુરક્ષિત રીતે બહાર કાઢી તેનો જીવ બચાવ્યો હતો.

ભારે વરસાદને પગલે જાંબુઘોડાનું વહીવટી તંત્ર સતત પેટ્રોલિંગ કરી રહ્યું છે. તંત્ર નીચાણવાળા વિસ્તારોમાં પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને લોકોને સાવચેતી રાખવા તેમજ બિનજરૂરી રીતે ઘરની બહાર ન નીકળવા અપીલ કરી રહ્યું છે.

જાંબુઘોડાના ખાખરીયા ગામે રોડ પર આવેલા એક મકાનમાં પણ વરસાદી પાણી ઘૂસી ગયા હતા. મકાનમાં રહેલી મહિલાને સુરક્ષિત રહેવા અને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી હતી.

જાંબુઘોડા-બોડેલી રોડ પર રણભુન ઘાટી અને વિશાળી ગામ વચ્ચે ભારે વરસાદને કારણે રોડ પર પાણી ફરી વળ્યા હતા. જેના કારણે વાહનવ્યવહારને અસર થઈ હતી અને રોડની બંને તરફ વાહનોની લાંબી કતારો જોવા મળી હતી.

સમગ્ર જાંબુઘોડા પંથકમાં ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સતત પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી રહી છે

કાલોલ નગરમાં આજે બપોરે અચાનક હવામાન પલટાતા મુશળધાર વરસાદ શરૂ થયો હતો. ટૂંકા સમયમાં પડેલા ભારે વરસાદને કારણે સમગ્ર નગરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં સ્થાનિક જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. અચાનક શરૂ થયેલા ધોધમાર વરસાદને કારણે નગરપાલિકા કાર્યાલય પાસે, મહાલક્ષ્મી ચોક, કચેરી રોડ અને મુખ્ય બસ સ્ટેશન જેવા વ્યસ્ત વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. મુખ્ય માર્ગો પર પાણી ફરી વળતા દ્વિચક્રી વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પાણીમાં કેટલાક વાહનો બંધ પડી જતાં વાહનચાલકોને પોતાના વાહનો ધકેલીને લઈ જવાની ફરજ પડી હતી.

નગરના મુખ્ય ચાર રસ્તા અને બજાર વિસ્તારોમાં પાણીનો યોગ્ય નિકાલ ન થતાં વેપારીઓના ધંધા-રોજગારને પણ અસર પહોંચી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, દર વર્ષે સામાન્ય વરસાદમાં પણ આ વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે, જેના કારણે નગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી સામે પ્રશ્નાર્થ સર્જાયો છે. હાલમાં પણ કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયેલા હોવાથી વાહનચાલકોને સાવચેતીપૂર્વક વાહન ચલાવવા અપીલ કરવામાં આવી છે.

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં ભારે વરસાદને કારણે બાકરોલ ગામ નજીકના નાડા (કોઝવે) પર પાણી ફરી વળ્યા છે. આના પરિણામે વાહન વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે અને અનેક વાહનચાલકો રસ્તામાં અટવાઈ પડ્યા છે.

બાકરોલ ગામની વચ્ચેથી પસાર થતા આ નાડા પર પાણીનો પ્રવાહ વધતા સ્થાનિક સંપર્ક માર્ગો પ્રભાવિત થયા છે. સલામતીના ભાગરૂપે, નાડા પરથી પાણી ઓછું ન થાય ત્યાં સુધી વાહન વ્યવહાર સંપૂર્ણપણે બંધ કરી દેવાયો છે. પાણી અચાનક ભરાઈ જવાને કારણે અવર-જવર કરી રહેલા બાઈક અને કાર ચાલકો રસ્તામાં જ અટવાઈ ગયા હતા. પાણીનો પ્રવાહ વધુ હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો, જેના પરિણામે નાડાની બંને બાજુ વાહનોની લાંબી કતારો જોવા મળી હતી.

## ઘોઘંબાની PM શાળાની કમ્પાઉન્ડ વોલ ધરાશાયી, ભારે વરસાદથી નુકસાન



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના બાકરોલ ગામે આવેલી પીએમ શાળાની કમ્પાઉન્ડ વોલ ભારે વરસાદને કારણે ધરાશાયી થઈ છે. ૩૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ બપોરે ૪:૦૦ કલાકે વરસેલા અતિ ભારે વરસાદને લીધે શાળાના મુખ્ય ગેટ નજીકનો દીવાલનો મોટો ભાગ તૂટી પડ્યો હતો.

સદનસીબે, વહીવટી તંત્રની સમયસૂચકતા અને ભારે વરસાદની આગાહીને કારણે વિદ્યાર્થીઓને અગાઉથી રજા આપી દેવામાં આવી હતી. આથી, ઘટના સમયે શાળા પરિસરમાં કોઈ વિદ્યાર્થી કે અન્ય બાળક હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. આ ઘટનાને પગલે વાલીઓ અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

આ શાળા નજીક આવેલા કોઝવે પર પણ ભારે વરસાદને કારણે પુષ્કળ પાણી ફરી વળ્યા હતા. આ માર્ગ પર પાણી ભરાવાની સમસ્યા સતત રહેતી હોવાથી સ્થાનિકો અને ગ્રામજનો દ્વારા આ કોઝવેને ઊંચો બનાવવાની ખાસ માંગ કરવામાં આવી છે.ચોમાસાની ઋતુમાં અને ભારે વરસાદી માહોલ વચ્ચે નાના બાળકોને શાળાએ આવવા-જવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, અને જીવનું જોખમ પણ રહેલું છે. તેથી, વાલીઓ અને તંત્ર દ્વારા વહેલી તકે યોગ્ય પગલાં લેવામાં આવે તેવી પ્રબળ લોકમાગ ઉઠી છે.

## દેવ ડેમ માંથી બે ગેટ ખોલી ૧૮૧૯ ક્યુસેક પાણી છોડાયું



ગોધરા,

પંચમહાલ જીલ્લામાં સતત વરસાદને પગલે દેવ ડેમના ઉપરવાસમાંથી પાણીની આવકમાં વધારો નોંધાતા ડેમનું રૂલ લેવલ જાળવવા માટે દેવ નદીમાં પાણી છોડવામાં આવ્યું છે. ડેમના ગેટ નંબર ૪ અને પને ૦.૩૦ મીટર સુધી ખોલી કુલ ૧,૮૧૯ ક્યુસેક પાણી છોડાતા વાઘોડિયા વિસ્તારમાંથી પસાર થતી દેવ નદીના કિનારાના લોકોને સાવચેતી રાખવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ડેમમાં પાણીની આવક સતત વધી પંચમહાલ જીલ્લાના દેવ ડેમના ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ડેમમાં પાણીની આવક સતત વધી રહી છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ડેમનું રૂલ લેવલ જાળવી રાખવા માટે તંત્રએ દેવ ડેમના ગેટ નંબર ૪ અને પને ૦.૩૦ મીટર સુધી ખોલવાનો નિર્ણય લીધો હતો. ડેમમાંથી કુલ ૧,૮૧૯ ક્યુસેક પાણી દેવ નદીમાં છોડવામાં આવ્યું છે. જેના કારણે વાઘોડિયા તાલુકામાંથી પસાર થતી દેવ નદીના જળસ્તરમાં વધારો થવાની શક્યતા છે.નદીના કિનારાના ગામોને એલર્ટ કરાયા વડોદરા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા દેવ નદીના કિનારાના ગામોના રહેવાસીઓ તેમજ નદી પટમાં અવરજવર કરતા લોકોને સાવચેત રહેવા, નદીમાં પ્રવેશ ન કરવા તેમજ તંત્રની સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરવામાં આવી છે. તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

## પાવાગઢમાં ધોધમાર વરસાદ ડુંગર ધુમ્મસની ચાદરમાં લપેટાયો, યાત્રાળુઓ રેઈનકોટ પહેરી દર્શન કરવા પહોંચ્યા.



હાલોલ,

પંચમહાલ જીલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર થયા બાદ યાત્રાધામ પાવાગઢ ખાતે વહેલી સવારથી ધોધમાર વરસાદ શરૂ થયો છે. સતત વરસાદને કારણે સમગ્ર પાવાગઢ ડુંગર ધુમ્મસ અને વરસાદની ચાદરમાં લપેટાઈ ગયો હતો. કેટલાક યાત્રાળુઓ રેઈનકોટ પહેરીને માતાજીના દર્શન કરવા પહોંચ્યા હતા.

ભારે વરસાદને પગલે યાત્રાળુઓની સુરક્ષાને પ્રાથમિકતા આપતાં, જો વધુ વરસાદ પડશે તો માચીથી મહાકાળી મંદિર સુધીનો માર્ગ બંધ કરવામાં આવી શકે છે. સતત વરસાદ અને લપસણા માર્ગને કારણે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે જીલ્લા તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પંચમહાલના અનેક વિસ્તારોમાં મોડી રાતથી જ ધીમી ધારે વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ઉલ્લેખનીય છે કે, ગતરોજ પાવાગઢ મહાકાળી મંદિર ટ્રસ્ટ અને પંચમહાલ જીલ્લા તંત્ર દ્વારા સંયુક્ત અપીલ કરીને આગામી બે દિવસ સુધી પાવાગઢની યાત્રા ટાળવા વિનંતી કરવામાં આવી હતી. હવામાન વિભાગ દ્વારા જીલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાતા ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો હતો.જીલ્લા તંત્રે આજે અને આવતીકાલે જરૂરી કામ સિવાય ઘરની બહાર ન નીકળવા, નદી-નાળા અને નીચાણવાળા વિસ્તારોમાં જવાનું ટાળવા તેમજ હવામાન વિભાગ અને સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે.

સતત વરસાદને કારણે પાવાગઢ વિસ્તારમાં પાણીનો પ્રવાહ વધી શકે છે, જેને લઈને વહીવટી તંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે. યાત્રાળુઓ અને સ્થાનિક લોકોને સાવચેતી રાખવા તથા કોઈપણ અફવા પર વિશ્વાસ ન કરવા પણ તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે.

## ગોધરા બી ડીવીઝન પોલીસે ઉચાપત અને રાયોટિંગ ગુનાના બે વોન્ટેડને ઝડપ્યા

ગોધરા,

ગોધરા શહેર બી-ડિવિઝન પોલીસે નાસતા ફરતા બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ આરોપીઓ સરકારી નાણાંની ઉચાપત અને રાયોટિંગ જેવા ગંભીર ગુનાઓમાં વોન્ટેડ હતા. પોલીસે તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

પંચમહાલ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી અને જીલ્લા પોલીસ અધિક્ષક ડો. હરેશભાઈ દુધાતના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે વિશેષ અભિયાન ચાલી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત નાયબ પોલીસ અધિક્ષક બી.બી. જાડેજા અને ગોધરા બી-ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર એચ.બી. ગામેતીએ ડી-સ્ટાફને જરૂરી સૂચનાઓ આપી હતી.

ડી-સ્ટાફને મળેલી બાતમીના આધારે, સરકારી નાણાંની ઉચાપતના ગુનામાં વોન્ટેડ જીતેન્દ્ર મગનભાઈ બારીઆ (રહે. સ્વપન સૃષ્ટિ સોસાયટી, ચંદનબાગ પાસે, બામરોલી રોડ, ગોધરા) ને બાવાની મઢી વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

બીજી કાર્યવાહીમાં, રાયોટિંગ સહિતના ગંભીર ગુનામાં વોન્ટેડ આરોપી મુસ્તકીમ રમજાની પઠા (રહે. પોસ્ટ ઓફિસ સામેની ગલી, ગોધરા) ને ગોહયા મહોલ્લા વિસ્તારમાંથી પકડી પાડવામાં આવ્યો હતો.

ગોધરા બી-ડિવિઝન પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જીલ્લા પોલીસ તંત્ર દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટેનું આ વિશેષ અભિયાન ચાલુ રહેશે.

## પંચમહાલ જીલ્લામાં ગૌરીવ્રતની આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ



શહેરા,

પંચમહાલ જીલ્લામાં ગૌરીવ્રતની આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. વ્રતના છેલ્લા દિવસે પૂજા-અર્ચના માટે પૌરાણિક મરડેશ્વર મહાદેવ સહિતના અન્ય શિવાલયોમાં શ્રદ્ધાળુઓ અને બાળાઓની ભારે ભીડ જોવા મળી હતી. 'હર હર મહાદેવ'ના નાદ વચ્ચે કન્યાઓએ શિવજીની આરાધના કરી પોતાના વ્રતની શ્રદ્ધાભેર પૂર્ણાહુતિ કરી હતી.

પંચમહાલ જીલ્લામાં બાળાઓ અને કન્યાઓ દ્વારા પાંચ દિવસ સુધી અત્યંત આસ્થા અને શ્રદ્ધાપૂર્વક ગૌરીવ્રત ની ભક્તિમય માહોલમાં પૂર્ણાહુતિ થઈ હતી. ગૌરીવ્રતના આખરી દિવસે કુમારીકાઓએ પાંચ દિવસ સુધી જતનપૂર્વક પૂજન કરેલા જવારા સાથે શિવાલયોમાં પહોંચી શિવજી અને માતા પાર્વતીજીનું પૂજન-અર્ચન કર્યું હતું. નગર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ નાના-મોટા શિવાલયોમાં સવારથી જ કન્યાઓ અને મહિલા શ્રદ્ધાળુઓની લાંબી લાઈનો જોવા મળી હતી. કુમારીકાઓએ શિવલિંગ પર જળાભિષેક, દુગ્ધાભિષેક તેમજ બિલિપત્ર અર્પણ કરી ઉત્તમ આરોગ્ય, સુખ-સમૃદ્ધિ અને સંસ્કારી જીવનસાથી માટે ભોલેનાથ પાસે પ્રાર્થના કરી હતી. તાલુકાના પ્રસિદ્ધ અને ઐતિહાસિક ધામ એવા મરડેશ્વર મહાદેવ ખાતે ગૌરીવ્રતના અંતિમ દિવસે સ્થાનિક ભક્તો ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. કન્યાઓને પૂજા-અર્ચનામાં કોઈ અગવડ ન પડે તે માટે પૂજારી નરેન્દ્ર ભાઈ પંડ્યા અને જય પંડ્યા દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. વ્રતના અંતિમ દિવસે રાત્રિ જાગરણનું ખાસ મહત્વ હોઈ, તાલુકાના વિવિધ વિસ્તારો, સોસાયટીઓ અને મંદિરોના પ્રાંગણમાં રાસ-ગરબા તથા ધાર્મિક ભજન-કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું. કુમારીકાઓએ મોડી રાત સુધી ગરબે ઘૂમીને ઉત્સાહપૂર્વક રાત્રિ જાગરણ કર્યું હતું. સમગ્ર તાલુકામાં ધાર્મિક અને ભક્તિમય વાતાવરણ વચ્ચે ગૌરીવ્રતની ભવ્ય ઉજવણી સંપન્ન થઈ હતી.પૌરાણિક માન્યતા મુજબ ગૌરીવ્રત એ કન્યાઓ માટે અત્યંત પવિત્ર વ્રત ગણાય છે. પાંચ દિવસ સુધી એકટાણું કે અલૂણા મીઠા વગરનો ખોરાક ગ્રહણ કરીને કન્યાઓ મા ગૌરી અને શિવજીની આરાધના કરે છે. વ્રતના છેલ્લા દિવસે રાત્રિ જાગરણ બાદ બીજા દિવસે વહેલી સવારે જવારાનું પવિત્ર જળાશય કે નદીમાં વિસર્જન કરીને વ્રતના પારણાં કર્યા હતા.

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ.નં.૨૭૫/૨૦૨૬ તા.:૦૫/૦૭/૨૦૨૬
અરજદાર : સંગાડા દેવાભાઈ હિમલાભાઈરહે.ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ,તા.ગરબાડા,જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી સંગાડા દેવાભાઈ જન્મ (૧) સંગાડા ભુરીબેન દેવાભાઈનો હિમલાભાઈના પુત્ર/પુત્રી તા.૧૧/૦૬/૨૦૦૯નારોજ ગામ.ઝરીબુર્ઝગ, તા. ગરબાડા, જિ.દાહોદ મુકામે (૨) સંગાડા વિક્રમભાઈ દેવાભાઈનો જન્મ તા.૧૧/૦૬/૨૦૦૯નારોજ ગામ.ઝરીબુર્ઝગ, તા.ગરબાડા, જિ.દાહોદ તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્ર/પુત્રીનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુર્ઝગ,તા.ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્ર/પુત્રીના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પાંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ ::૦૫/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ.નં.૭૨૧/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬
અરજદારઃપરમાર વરસિંગભાઈ ધુળાભાઈ રહે.અભલોડ (વરજાંગીયા ફ.),તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી,અભલોડ (વરજાંગીયા ફ.),તા.ગરબાડા, જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી પરમાર વરસિંગભાઈ ધુળાભાઈના પુત્ર નામે પરમાર રાજુભાઈ વરસિંગભાઈનો જન્મ તા.૦૩/૦૪/૧૯૯૬ના રોજ ગામ.અભલોડ (વરજાંગીયા ફ.), તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે,જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે.અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,અભલોડ (વરજાંગીયા ફ.),તા.ગરબાડા,જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પાંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૩૦/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ.નં.૨૭૭/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬
અરજદારઃડામોર ખીમાભાઈ રવજીભાઈ રહે.ભીલોઈ, તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી,ભીલોઈ (ગરબાડા),તા.ગરબાડા, જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી ડામોર ખીમાભાઈ રવજીભાઈના પુત્ર નામે ડામોર આશિક ખીમાભાઈનો જન્મ તા.૧૫/૦૫/૨૦૧૬ના રોજ ગામ.ભીલોઈ, તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે,જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ભીલોઈ (ગરબાડા),તા.ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પાંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૩૦/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ.નં.૭૦૮/૨૦૨૬તા.૩૦/૦૭/૨૦૨૬
અરજદારઃપલાસ કનુભાઈ તેરસિંગભાઈ રહે.આંબલી,તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી, આંબલી, તા.ગરબાડા, જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છેકે,અત્રેની કોર્ટના અરજદારશ્રી પલાસ કનુભાઈ તેરસિંગભાઈના પુત્ર/પુત્રી નામે (૧) પલાસ રાહુલભાઈ કનુભાઈનો જન્મ તા.૦૩/૦૩/૨૦૧૨ના રોજ ગામ.આંબલી,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે (૨) પલાસ મેહુલભાઈ કનુભાઈનો જન્મ તા.૦૫/૦૪/૨૦૧૫ના રોજ ગામ.આંબલી,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે (૩) પલાસ રાજલબેન કનુભાઈનો જન્મ તા.૦૯/૧૦/૨૦૧૬ના રોજ ગામ.આંબલી,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે.અરજદારના પુત્ર/પુત્રીનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,આંબલી,તા.ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્ર/પુત્રીના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પાંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૦૫/૦૩/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા